# UNOમાં પાંચ દેશોનીસત્તા સામે સવાલ




**રાષ્ટ્રસંઘના તમામ સભ્ય દેશોના હિતમાં નિર્ણયો લેવાય અને કોઈ હાડકાં નાખવા ન આવે તેવી સ્થિતિ પાકી બને તો રાષ્ટ્રસંઘની દિવસે દિવસે ઘટી રહેલી આબરૂ અને મર્યાદાને ફરીથી સ્થાયી કરી શકાય**

**કબીરા ખડા બજાર મેં**
**વિન્સી મરચન્ટ**

સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાની 81મી બેઠક હાલમાં ન્યૂયોર્ક ખાતેના UNOના હેડક્વાર્ટરમાં ચાલી રહી છે, જેમાં જગતભરના દેશોના પ્રતિનિધિઓ અનેકવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી રહ્યા છે. પરંતુ આ સભામાં જે મુદ્દાઓ દુનિયાનું ધ્યાન ખેંચી રહ્યા છે તે યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલ (UNSC)ના સભ્ય દેશોને જે વીટો પાવર શરૂઆતથી આપવામાં આવ્યો છે, જે જાય જ છે કે નહીં? અને તે રાષ્ટ્રસંઘ અર્થાત્ દુનિયાના દેશોના બહોળા હિત માટે વપરાઈ રહ્યો છે કે પછી તેનો દુરુપયોગ થઈ રહ્યો છે. જો આ પ્રકારની સત્તા સિક્યોરિટી કાઉન્સિલના પાંચ તાકાતવર દેશો પાસે હોય તો રાષ્ટ્રસંઘમાં લોકશાહીના ઔચિત્યનું શું? આ ચર્ચા ફ્રાન્સ અને મેક્સિકોના તન્વાવધાનમાં ફરીથી શરૂ થઈ છે અને તે ઉચિત ચર્ચા છે. UNSCના પાંચ કાયમી સભ્યો છે. ચીન, ફ્રાન્સ, રશિયા, યુનાઈટેડ કિંગડમ અને અમેરિકા. આ પાંચેય દેશોને વીટો પાવર મળ્યો છે. સલામતી સમિતિના બાકીના તમામ દેશો કોઈ એક ઠરાવની તરફેણમાં મત આપે તો પણ સમિતિનો કોઈ પણ એક દેશ એ ઠરાવની વિરુદ્ધમાં મત આપીને તે ઠરાવને પાસ થતો અટકાવી શકે છે. જો કોઈ સભ્ય દેશ અમુક ઠરાવ પરના મતદાનમાં ગેરહાજર રહેવા માગે, પોતાને મત ન આપે તો તેને વીટો પાવરનો ઉપયોગ ગણાતો નથી. ચાર મત કે ત્રણ મતથી પણ ઠરાવ પસાર થઈ શકે, જો વીટો પાવરનો ઉપયોગ ન થયો હોય તો!

1971-72માં ભારત-પાકિસ્તાન યુદ્ધ વખતે અમેરિકાએ પાકિસ્તાનની ફેવર કરી હતી. ભારતે પાકિસ્તાન પર હુમલો કર્યો નથી, પરંતુ પાકિસ્તાન પર ભારતે હુમલો કર્યો છે અને તેથી ભારત ઠપકાને લાયક છે એવું જુઠાણું સિક્યોરિટી કાઉન્સિલમાં ચલાવવાની કોશિશ કરી હતી. બાકીના દેશોએ ઠપકાના ઠરાવ પર સહીઓ કરી હતી, પરંતુ ત્યારના સોવિયત સંઘે ભારતની તરફેણમાં વીટો વાપરીને એ ઠરાવ ઉડાડી દીધો હતો. સોવિયત સંઘે તે અગાઉ 1957, 1961, 1962માં કાશ્મીર તેમ જ ગોવાની મુક્તિના મુદ્દા પર ભારતની તરફેણમાં વીટોનો ઉપયોગ કર્યો હતો. 1971માં ત્રણ વખત અને કુલ મળીને 6 વખત વીટો વાપરીને સોવિયત સંઘ ભારતની મદદે આવ્યો હતો. ત્યારબાદ પાકિસ્તાનના લશ્કરી વડાઓનાં નિવેદનો અને લખાણોએ એ પુરવાર કર્યું કે પાકિસ્તાને ભારત પર હુમલો કર્યો અને કારમી હાર સહન કરવી પડી હતી. જો એ વખતે સોવિયત સંઘ ભારતની પડખે ઊભો રહ્યો ન હોત તો એક જુઠ્ઠી વાતને સંયુક્ત રાષ્ટ્રસંઘના સ્તરે તે સાચી હોવાની બહાલી મળી ગઈ હોત.

આમ વીટોના કયાંક ફાયદા છે અને ક્યારેક ગેરફાયદા છે. હમણાંનાં વર્ષોમાં મુખ્યત્વે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને બીજા રાષ્ટ્રધ્યક્ષો રાષ્ટ્રસંઘના વચનમાં રહેતા નથી. અગાઉ જેવી રાષ્ટ્રસંઘની આણ રહી નથી. યુરોપના દેશોમાં અંદરોઅંદર એક મત રહ્યો નથી. અમેરિકા સાથે પણ યુરોપના દેશોના અણબનાવ વધ્યા છે. રાષ્ટ્રસંઘના તમામ સભ્ય દેશોના હિતમાં નિર્ણયો લેવાય અને કોઈ હાડકાં નાખવા ન આવે તેવી સ્થિતિ પાકી બને તો રાષ્ટ્રસંઘની દિવસે દિવસે ઘટી રહેલી આબરૂ અને મર્યાદાને ફરીથી સ્થાયી કરી શકાય. ફ્રાન્સ પોતે વીટો પાવર ધરાવતું હોવા છતાં સ્થિતિને વધુ સારી રીતે સમજે છે. વીટો પાવરના અમુક ફાયદા છે તેથી તેને સદંતર દૂર કરવાની વકીલાત ફ્રાન્સ કે મેક્સિકો કરતાં નથી, પણ તેનો સદુપયોગ થાય તે જોવા ઈચ્છે છે. કારણ કે દુનિયામાં આજે જે યુદ્ધો અને અશાંતિ ચાલી રહ્યાં છે ત્યારે રાષ્ટ્રસંઘનો અવાજ બળવાન અને ન્યાયપૂર્ણ હોવાની ખાસ જરૂર છે.

ફ્રાન્સ અને મેક્સિકો 2018થી આ મુદ્દા પર ઝુંબેશ ચલાવી રહ્યા છે, પરંતુ કેટલાક મહત્ત્વના દેશો પણ હમણાં આ બાબત પર સહમત થયા છે. સલામતી સમિતિમાં કેટલાક સંસ્થાગત સુધારાઓ કરવાની તેઓ માગણી કરી રહ્યા છે. ગયા સપ્તાહમાં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA)ની સમાંતરે જીફોર સંગઠનના દેશોના વિદેશમંત્રીઓની બેઠક મળી હતી. જી-4 સંગઠનમાં ભારત, બ્રાઝિલ, જર્મની અને જાપાન છે. બેઠકમાં તેમણે ઠરાવ પસાર કરી UNOની સલામતી સમિતિમાં સુધારાઓ આણવાની હિમાયત કરી. તેમની રજૂઆત છે કે સલામતી સમિતિની, ખાસ કરીને વીટો પાવરની હાલની વ્યવસ્થા, હાલની વૈશ્વિક સ્થિતિ માટે અનુરૂપ કે બંધબેસતી નથી. કારણ કે વર્તમાન યુદ્ધો અને કંકાસની સ્થિતિ દુનિયાના અર્થતંત્રોને અને શાંતિને બેહદ નુકસાન પહોંચાડી રહી છે અને વર્ષોથી આમ ચાલી રહ્યું છે, છતાં સલામતી સમિતિ તેનો યોગ્ય ઉકેલ શોધી શકી નથી. સલામતી સમિતિના કાયમી અને હંગામી સભ્યોનો વ્યાપ, અર્થાત્ સંખ્યા વધારવી જોઈએ, જેથી તેમાં દુનિયાનું ખરું પ્રતિનિધિત્વ થઈ શકે.

આજે સલામતી સમિતિ માત્ર પાંચ શક્તિશાળી દેશોની જાગીર બની ગઈ છે.

તાજેતરમાં નવી દિલ્હી ખાતે બ્રિક્સ દેશોના વડાઓની પરિષદ મળી હતી ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સલામતી સમિતિમાં સુધારણાઓની જરૂર પર ભાર મૂક્યો હતો. વરસોથી તેના સભ્ય બનાવવાના ભારતના દાવાને ખારિજ કરવામાં આવે છે. આ દાવો વાજબી અને સલામતી સમિતિ માટે પણ ઉચિત છે. દુનિયાની મહત્ત્વની દોઢ અબજની આબાદીનું સલામતી સમિતિમાં કોઈ મજબૂત પ્રતિનિધિત્વ ન હોય એ બાબત જ અન્યાયી અને બિનલોકશાહી છે. જોકે સલામતી સમિતિનું સભ્યપદ ઘણી મોટી જવાબદારી અને સમસ્યાઓ સાથે આવે છે. તાકાતવાન દેશો કોઈ એક પક્ષની સાચી કે ખોટી તરફેણ કરે તો ચાલે, પરંતુ ભારતે આજે ચીન, અમેરિકા, રશિયા, આરબ, ઈરાન જેવા અનેક દેશો સાથે મિત્રતા જાળવી રાખવાની જરૂર પડે છે. આ સ્થિતિમાં સલામતી સમિતિના સભ્યો તરીકે 20-30-50 દેશો હોય તો ભારત માટે સભ્ય બનવાનું ઉપકાર બને, પણ માત્ર છઠ્ઠા સભ્ય તરીકે વધુ સમતોલન જાળવવાની જરૂર પડે, જે ક્યારેક નુકસાનકર્તા નિવડે. જેમ કે યુક્રેન યુદ્ધ બાબતે ભારત જે તટસ્થતા સભ્ય તરીકે જાળવવા જાય, ધારો કે મતદાનમાં હાજર ન રહે તો પણ અમુક જૂથબંધીનો શિકાર બનવું પડે છે. જોકે ભારતે હવે હેસિયત પ્રાપ્ત કરી દીધી છે જેમાં પોતાનો અવાજ અને મત બુલંદ રીતે રજૂ કરી શકે છે. એ પણ બને છે કે સિક્યોરિટી કાઉન્સિલના

...અનુસંધાન પાના નં. 4 પર

# CJP આંદોલનમાં મહિલાઓની મોટી હાજરીની અસર?

**ઈધર-ઉધરકી**
**આરતી જેરથ**



તેને 'કોકરોચ જનતા પાર્ટી' અસર કહી શકાય. તાજેતરમાં દેશભરમાં થયેલા યુવા વિરોધ પ્રદર્શનોમાં મોટી સંખ્યામાં યુવતીઓ અને મહિલાઓની ઉપસ્થિતિને કારણે સમાજવાદી પાર્ટી(સપા) જેવી પુરુષ-પ્રધાન પાર્ટીને પોતાની રણનીતિ બદલવાની ફરજ પડી છે. ઉત્તર પ્રદેશમાં આગામી વર્ષે યોજનારી વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ વચ્ચે, સપા પ્રથમ વખત મહિલા મતોને ધ્યાનમાં રાખીને યોજનાઓ બનાવી રહી છે. મહિલાઓ સુધી પહોંચવાના આ અભિયાનનો ચહેરો બીજું કોઈ નહીં પણ સપાના પ્રમુખ અખિલેશ યાદવના મૃદુભાષી પત્ની ડીમ્પલ યાદવ છે. યાદ કરો કે યુવા આંદોલન દરમિયાન તેઓ કેટલા સક્રિય હતા? તેમણે મુખ્ય આંદોલન સ્થળ જંતર મંતરની અંદર કેટલીય વાર મુલાકાત લીધી હતી અને સંસદના મકર દ્વાર બહાર વિપક્ષના વિરોધ પ્રદર્શનોમાં પણ તેઓ ખૂબ સક્રિય જોવા મળ્યા હતા. એક અસાધારણ પગલું ભરતા એસપીએ 'સ્ત્રી સન્માન સમૃદ્ધિ યોજના'નો પ્રસ્તાવ મૂક્યો છે, જેના હેઠળ મહિલાઓને વાર્ષિક ૪૦,૦૦૦ની રકમ આપવામાં આવશે. આ પહેલીવાર છે જ્યારે પાર્ટીએ મહિલાઓ માટે કોઈ ખાસ નાણાકીય પેકેજની જાહેરાત કરી છે. ડીમ્પલ યાદવ આ પ્રચાર અભિયાનનું નેતૃત્વ કરી રહ્યા છે. તેઓ યોગી આદિત્યનાથના શાસન હેઠળ મહિલાઓ પર થતા બળાત્કાર અને ઉત્પીડનના મુદ્દાઓ પર પણ સખત વલણ અપનાવી રહ્યા છે. આ બદલાવ ખરેખર આશ્ચર્યજનક છે. સ્વર્ગસ્થ સપા સંસ્થાપક મુલાયમ સિંહનું એ કુખ્યાત અને વિવાદિત નિવેદન કોણ ભૂલી શકે, જ્યારે ત્રણ યુવકોને વારંવાર ગેંગરેપના ગુના બદલ ફાંસીની સજા સંભળાવવામાં આવી હતી? ત્યારે તેમણે દોષિતો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરતા કહ્યું હતું કે છોકરાઓ તો છોકરાઓ જ છે, ભૂલો કરી બેસે છે. એ વાત પણ રસપ્રદ છે કે ડીમ્પલ યાદવ ઠાકુર જ્ઞાતિના છે, તેમના પતિના યાદવ સમુદાયના નથી. સ્પષ્ટપણે, સમાજવાદી પાર્ટી પોતાના મતદારોનો પાયો વિસ્તારવાની આશામાં પોતાના પરંપરાગત જ્ઞાતિ-આધારિત રાજકારણને સુધારીને વસ્તીવિષયક રાજકારણ તરફ આગળ વધી રહી છે.




# સોનિયા ગાંધીની સંસ્મરણિકાથી ભાજપને ડર લાગે છે?

કોએવું લાગે છે કે સોનિયા ગાંધીના ટૂંક સમયમાં પ્રકાશિત થનારા સંસ્મરણો, "બિલોન્ગિંગ: અ જર્ની ઓફ લવ"થી ભાજપ ગભરાઈ રહ્યું છે. નહીંતર, તેના રાજ્ય એકમો તેમને બાર ડાન્સર અને વેઇટ્રેસ તરીકે દર્શાવતા તેમના અત્યંત વાંધાજનક, અનૈતિક AI-જનરેટેડ વીડિયો શા માટે પોસ્ટ કરે? ભક્તો સિવાય દરેક જાણે છે કે આ છબીઓ બનાવટી છે, જેમણે નહેરુ-ગાંધી પરિવાર વિશેના અસંખ્ય અસત્યોને સાચા માની લીધા છે અને સોશિયલ મીડિયા પર તેને ફેલાવ્યા છે. X પર આવી નિંદનીય પોસ્ટ્સ મૂકનારા રાજ્ય એકમોમાં ગુજરાત ભાજપ, કેરળ ભાજપ અને તેલંગાણા ભાજપનો સમાવેશ થાય છે. એવું લાગે છે કે ભાજપ ચીન સાથેની ગલવાન ઘર્ષણ અને આરએસએસ જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર પુસ્તકમાં થઈ શકનારા શક્ય નુકસાનકારક ખુલાસાઓથી ગભરાટમાં છે. એક અગ્રણી વિપક્ષી નેતા તરીકે, સોનિયા ગાંધી પાસે એવી ઘણી માહિતી છે જે જાહેર ક્ષેત્રમાં નથી. રસપ્રદ વાત એ છે કે, 'પેંગ્વિન રેન્ડમ હાઉસ ઇન્ડિયા' આ સંદર્ભોનું "ફેક્ટ-ચેક" કરવા માંગતું હતું. જ્યારે સોનિયા ગાંધીએ ના પાડી, ત્યારે પ્રકાશક પાછળ હટી ગયા અને પુસ્તક ન છાપવાનો નિર્ણય લીધો. તેમના પુસ્તકને "ફેક્ટ ચેક" કરવાની પ્રકાશકની માંગને અસ્વીકાર કરવાનો સોનિયા ગાંધીને પૂરો અધિકાર હતો. આ તેમના સંસ્મરણો છે અને તેમણે તેમની નજર તથા સ્મૃતિના આધારે ઘટેલી ઘટનાઓ વિશે લખ્યું છે. પેંગ્વિને એક સંભવિત 'બેસ્ટ સેલર' ગુમાવ્યું છે.

# UPI વ્યવહારો પરના ચાર્જનો વિરોધ કરવામાં સ્વદેશી જાગરણ મંચ પણ જોડાયું



રૂ. ૨,૦૦૦થી વધુના UPI વ્યવહારો પર લાદવામાં આવેલી નવી મર્ચન્ટ ફીનો વિરોધ માત્ર વિપક્ષ જ નથી કરી રહ્યો. RSS સાથે જોડાયેલા સંગઠન, 'સ્વદેશી જાગરણ મંચ'(એસજેએમ) એ પણ માંગ કરી છે કે સરકાર આ નિર્ણય પાછો ખેંચે. મોદી સરકાર માટે અસ્વસ્થતાજનક સ્થિતિ ઊભી કરતા SJMના સંયોજક અશ્વિની મહાજને જણાવ્યું હતું કે, આ ફી પ્લસચાર્જ કે માસ્ટરકાર્ડ અને વિઝા જેવી અમેરિકી ક્રેડિટ કાર્ડ કંપનીઓની માંગણીઓને આધીન થઈને લાદવામાં આવી હોય તેવું લાગે છે. તેમણે કહ્યું કે આ નિર્ણય કમનસીબ છે કારણ કે તે વૈશ્વિક સ્તરે આકર્ષણ ધરાવતી આ સિદ્ધિને હલકી પાડે છે. UPIની આ સુવિધા ભારત માટે અનન્ય છે અને તેવા ઘણા દેશો દ્વારા તેની પ્રશંસા કરવામાં આવી છે કે જેમની પાસે આપણા જેવું સાર્વત્રિક ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ નથી. મોદી સરકાર પહેલેથી જ ટ્રમ્પ વહીવટીતંત્ર તરફથી મળી રહેલી ધમકીઓથી ઘેરાયેલી છે, જેમાં ચેતવણી આપવામાં આવી છે કે જો ભારત રશિયન તેલ ખરીદવાનું ચાલુ રાખશે તો ભારતીય માલસામાન પર ૧૦૦% સુધીનો ટેરિફ લાદવામાં આવશે. SJMની માંગ મુજબ UPI વ્યવહારો પરના નવા મર્ચન્ટ ફીને પાછા ખેંચવાનો નિર્ણય સરકાર માત્ર અમેરિકાને વધુ નારાજ કરવાના જોખમે જ લઈ શકે છે.

# આયેશા મારી વાઈફ છે, લાઈફ છે પણ મારી પાસે નથી, સાથે નથી

**ક્રાઈમ કોડ**
**પ્રફુલ શાહ**

આહવા સમાજના હૉલમાં પ્રેસ કોન્ફરન્સમાં સૂત્રોચ્ચારનો ઘોંઘાટ થોડો ઓછો થયો એટલે લાઈટ થઈ. સાથે બે ટેબલ મૂકીને બનાવાયેલા મંચની વચ્ચોવચ એક મોટી ફ્રેમ પર કપડું ઢાંકેલું હતું. બરાબર નીચે કોઈ બે હાથ મોઢા પર મૂકીને બેઠું હતું. ફ્રેમ પરનું કપડું હટાવાયું જેના પર એક હસમુખી યુવતી આયેશાનો ફોટો હતો. એ જોઈને એનો પતિ સેબાસ્ટીયન ગોન્સાલવિસ ઉર્ફે સબા હિબકેહિબકે રડવા લાગ્યો.

અખબારનવીસો બાઘાની જેમ એકમેક સામે જોતા હતા. એકેએકની આંખોમાં સવાલ ડોકિયા કરતા હતા પણ જવાબ એકદમ લાપતા હતા, કોઈ જાતના અતાપતા વગર. કેમેરાની ક્લિક ક્લિક અને વીડિયોગ્રાફી કરનારાઓને ય જાણ નહોતી કે પોતે શું શૂટ કરી રહ્યા છે અને શા માટે?

આંખો લુછતા સેબાસ્ટીયન ગોન્સાલવિસ રિપોર્ટર સામે જોઈને બોલ્યો, 'આ આયેશા મારી વાઈફ છે, મારી લાઈફ છે પણ મારી પાસે નથી, મારી સાથે નથી...'

'કેમ, ક્યાં ગઈ?' 'ભગવાન જાણે...'

'તો પોલીસ પાસે જાઓ, ફરિયાદ કરો.'

'બધું કરી છૂટ્યો પણ પોલીસના પેટનું પાણી ય હલતું નથી.' આ બધા વચ્ચે વિનોદ રિપોર્ટરે સવાલ કર્યો, 'ઈન્સ્પેક્ટર નીરવ ત્રિવેદી વિરુદ્ધ સૂત્રોચ્ચાર થાય છે તો શું ફરિયાદ ચિંચલી પોલીસ સ્ટેશને કરી છે?' 'હા, હું તો મારા એરિયામાં જ ફરિયાદ કરું ને?'

'શું કહેવું છે ઈન્સ્પેક્ટર નીરવ ત્રિવેદીનું?'

'ખબર નહિ?'

'એટલે?'

'આજ સુધી મને સર પોલીસ સ્ટેશનમાં મળ્યા જ નથી... જ્યારે જાઉં ત્યારે લગભગ એકસરખા જવાબ અપાય કે સર નથી, સર બહુ બિઝી છે, સર નીકળી ગયા... તો મારે જવું ક્યાં? મારી આયેશાને શોધવી કેવી રીતે?'

હવે બધા રિપોર્ટર્સને એકદમ રસ પડવા માંડ્યો. હજી બધાના કાનોમાં પોલીસ સુપ્રિટેન્ડન્ટ સુરેન્દ્ર પુષ્કર્ણાએ મારેલું મહેણું 'એક જ વાત કહીશ કે જવાબદાર બનો, કામ પ્રત્યે અને પોતાના પ્રત્યે' ભાલાની જેમ વાગતું હતું. એક રિપોર્ટરે એફ.આઈ.આરની કૉપી માંગી તો સેબાસ્ટીયન માંડ બોલી શક્યો, 'મને પોલીસ સ્ટેશનમાંથી એકેય કાગળ મળ્યો નથી.'

'ઓહ નો... તમારી વાઈફ ક્યારથી લાપતા છે?' '24 માર્ચની રાતથી... આખી રાત દોડાદોડી કરીને બીજે દિવસે સવારે હું પોલીસ સ્ટેશન ગયો પણ...'




**હજી બધાના કાનોમાં પોલીસ સુપ્રિટેન્ડન્ટ સુરેન્દ્ર પુષ્કર્ણાએ મારેલું મહેણું 'એક જ વાત કહીશ કે જવાબદાર બનો, કામ પ્રત્યે અને પોતાના પ્રત્યે' ભાલાની જેમ વાગતું હતું**

'કેટલા ય દિવસ વીતી ગયા એને... તો આજ સુધી પોલીસે કર્યું શું? પુષ્કર્ણા સર આપણી સામે ફિશિયારી મારે છે પણ પોતાના નાક નીચે શું ચાલે છે એની ખબર રાખી શકતા નથી.'

'હવે પુષ્કર્ણા સરના ફેવરિટ ઈન્સ્પેક્ટર નીરવ ત્રિવેદીને આપણે પૂછવું પડશે હો..'

'પણ ત્રિવેદી સાહેબ આપણને મળશે ખરા?'

'કે આ બિચારાની જેમ આપણે ય એનું એ જ સાંભળવું પડશે કે સર નથી, સર બહુ બિઝી છે, સર નીકળી ગયા...' ખડખડાટ હાસ્ય વચ્ચે બધા રિપોર્ટર થોડુંક એક્સક્લુઝિવ પામવાની લાહ્યમાં ગુમસુમ બેઠેલા સેબાસ્ટીયન ગોન્સાલવિસ તરફ આગળ વધ્યા.

એ સમયે કોઈ જાણતું નહોતું કે સત્ય મૌન રહે છે ત્યારે સૌ તેને પૂજે છે અને જ્યારે સત્ય બોલે છે ત્યારે સૌ ધ્રુજે છે. કોને કંપારી છૂટશે એ તો સમય આવ્યે સમય જ કહી શકશે.

▪▪▪

આહવા પોલીસ મુખ્યાલય તરફ ટુ વ્હીલરનું ધાડું તરફ ધસી ગયું. એસપીના ઓપરેટર કમ પીએ યજ્ઞેશ શેટ્ટી ચશ્માના કાચ લુછીને બબડ્યા, 'આ કઈ નવી ઉપાધિ આવે છે?'

થોડીવારમાં ચપરાસી આવીને બોલ્યો, 'બધા છાપાવાળા આવ્યા છે. ઉપાડો લીધો છે કે સાહેબને મળવું છે. બોલે છે કે અર્જન્ટ કામ છે.'

શેટ્ટીએ ઈન્ટરકોમ પર જાણ કરી ને પોલીસ સુપ્રિટેન્ડન્ટ સુરેન્દ્ર પુષ્કર્ણા બહાર આવ્યા.

પત્રકારોનું ટોળું ધસી ગયું. વિનોદ રિપોર્ટરે આગળ આવીને પુષ્કર્ણા સામે હાથ જોડ્યા, 'સર, આપનો અવાજ હજી મારા કાનમાં પડઘાય છે... એક જ વાત કહીશ કે જવાબદાર બનો, કામ પ્રત્યે અને પોતાના પ્રત્યે... પણ આ સલાહ આપના પોલીસ ખાતાને કેમ લાગુ ન પડે?' 'કોયડાબાજી છોડીને મુદ્દાની વાત પર આવો.. મારે ઘણાં કામ છે.'

'ઓફકોર્સ આપને કામ હોય અને બાકી સૌ નવરાધૂપ. બરાબર?' 'કમ ટુ ધ પોઈન્ટ.'

'સર, પોઈન્ટ એ છે કે એક સામાન્ય માનવી પોલીસ સ્ટેશનના ધક્કા ખાય છે પણ નથી નથી એને કોઈ સાંભળતું કે નથી કોઈ જવાબ આપતું.'

'ઈમ્પોસિબલ.'

'એમ? તો કરો ચિંચલી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર નીરવ ત્રિવેદીને..'

આમ કરવું સુરેન્દ્ર પુષ્કર્ણાને ઉચિત ન લાગ્યું. એમાં ય પોતાના સૌથી વિશ્વાસુ અને કાબેલ ઑફિસરને ખુલ્લેઆમ ફોન શા માટે? પણ આટલા બધા પત્રકારો સામે નમતું જોખવાથી ખોટી છાપ પડે. તેમણે નીરવ ત્રિવેદીનો નંબર લગાવીને ફોનને સ્પીકર પર મૂકી દીધો. બેલ વાગવા લાગી. ક્યાંય સુધી વાગતી રહી. સામેથી ફોન ન ઉપાડાયો.

ગણગણાટ શરૂ થઈ ગયો. 'પોતાના બૉસનો ફોન ન ઉપાડે એ જનતાને થોડો જરાય રિસ્પોન્સ આપે?', 'પણ આવા ખાઈબદેલા પોલીસવાળાને કઈ ન થાય', 'હા, બધા એકના એક જ'.

▪▪▪

આ ઘટનાના બે કલાક અગાઉ... ટુ વ્હીલર પર આગળ વધતા ઈન્સ્પેક્ટર નીરવ ત્રિવેદી વિચારોને ચકરાવે ચડી ગયા. એમને સમજાતું નહોતું કે હમણાં લોકલ ક્રાઈમ બ્રાન્ચના ઈન્સ્પેક્ટર જયદીપ રાઠોડ સાવ વિચિત્ર વર્તન કેમ કરે છે? અણીના સમયે રજા પર ઉતરી ગયા, પછી ફોન ઉપાડવાનું બંધ. હવે ઓચિંતા ફોન કરીને મને ઘરે બોલાવ્યો પણ ધરાર કારણ કીધું જ નહિ.

ત્રિવેદીએ રાઠોડના ઘરની ડૉરબેલ વગાડી.

**અતા-પતા-લાપતા -22**

રાઠોડે દરવાજો ખોલ્યો તો એ જોતા જ રહી ગયા. નીરવ ત્રિવેદીએ એકદમ જયદીપ રાઠોડનો હાથ પકડી લીધો. 'શું થયું?'

જયદીપ બોલ્યા, 'પહેલા ફોન સાઈલેંટ પર મૂકી દો પછી વાત.' ત્રિવેદીએ એમ કરીને મોબાઈલ રાઠોડના હાથમાં મૂકી દીધો. રાઠોડે સોફા પર ફોન ઊંધો મૂકીને એના પર તકિયો મૂકી દીધો. એમના ફોનને કંપની માટે પોતાનો મોબાઈલ પણ તકિયા નીચે બાજુમાં ઘુસાડી દીધો.

નીરવ ત્રિવેદીએ અકળાઈને પૂછ્યું, 'હવે બોલશો કઈ?'

જયદીપ રાઠોડ બે પળ સામે જોતા જ રહ્યા અને પછી એકદમ એને જોશભેર ભેટી પડ્યા. ભીંત-ઘડિયાળના બન્ને કાંટા જાણે ગણગણતા હતા કે જો તમારા મનમાં કંઈક 'ભરીને' જીવો છો તો તમે મન 'ભરીને' નહિ જીવી શકો. ન જાણે કેવો જાદુ કે અહેસાસ હોય છે નીરવ જેવા લોકોના શબ્દોમાં. વાત કરતા સાથે સામી વ્યક્તિના મન જીતી લે છે.

નીરવ ત્રિવેદીને લાગ્યું કે જયદીપ રાઠોડ કોઈ ખતરનાક મુશ્કેલીમાં છે પણ શું હશે એ?

▪▪▪

એ જ સમયે સેબાસ્ટીયન ગોન્સાલવિસ ઉર્ફે સબાએ હાથમાં પહેરેલા સાપના આકારના સોનાના બ્રેસલેટને ગોળ ફેરવ્યું ને વીંછીનો ચહેરો એમ્બોસ કરાવેલી વીંટી ચુમી લીધી. તેણે સૌની ધારણા બહારનું ભયાનક પગલું લેવા માટે બેકપેક નીચે ઉતારી અને ઉપર આકાશ તરફ જોયું.

(ક્રમશઃ)

**સટાક — કમલ**

